**R.P.A.D/અગત્યનું**

જા.ન./પીબી/ ૬૭ / ૨૦૨૨
નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી,
રાષ્ટ્રીય ધોરી માર્ગ, પેટા વિભાગ,
જીલ્લા સેવાસદન, ત્રીજા માળે રુમ ન-
૩૦૮-૩૦૯, છાપરી,દાહોદ.
તા- ૧૨/ ૦૭ / ૨૦૨૨

પ્રતિ,
પરિક્ષેત્ર વન અધિકારીશ્રી,
પરિક્ષેત્ર વન અધિકારીશ્રીની કચેરી,
વિસ્તરણ રેંજ, ગરબાડા.
જીલ્લો – દાહોદ.

<u>વિષય:-</u> <u>ફોરેસ્ટ ક્લીયરન્સની દરખાસ્ત બાબત ( ૭.૨૮૩ હેક્ટર)..</u>

**Name of work - Widening from 7.0 mt to 10.0 mt & Strengthing between Km. 265/200 to 266/200 & 273/00 to 287/905 on NH No- 56 Dahod-Garbada - Up to M.P Border Road in the state of Gujarat.**

અનું. સંધાન:- (૧) કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ વડોદરાની કચેરી ના પત્ર નંબર /પીબી/૧૯૦૨/૨૦૨૧ તા- ૨૦.૧૧.૨૦૨૧.
(૨) પરિક્ષેત્ર વન અધિકારીશ્રીની કચેરી વિસ્તરણ રેંજ, ગરબાડાના પત્ર નંબર-ક/એફસીએ/ ૨૭/૨૦૨૨-૨૩ તા- 30.0૬.૨૦૨૨.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, અત્રેની વિભાગીય કચેરીએથી ઉપર મુજબના કામ માટે જંગલ ખાતાની દરખાસ્ત સંદર્ભિત પત્ર - (૧)થી નાયબ વનસંરક્ષણશ્રી સામાજીક વનીકરણ વિભાગ દાહોદ ખાતે સાદર કરેલ હતી. આપની તરફથી ખરડા માર્કીંગ થયા બાદ સંયુક્ત મુલાકાત માટે ટેલીફોનીક સમ્પર્ક કરતા તા. ૨૫.૦૬.૨૦૨૨ના રોજ કાર્યપાલક ઇજનેરશ્રી રા.ધો.વિભાગ વડોદરા, ના.કા.ઇશ્રી રા.ધો.પેટા,વિભાગ દાહોદ, નાયબ વનસંરક્ષણશ્રી સામાજીક વનીકરણ વિભાગ દાહોદ અને પરિક્ષેત્ર વન અધિકારીશ્રી ગરબાડા અને તેમના સ્ટાફ સાથે સદર લંબાઇમાં સંયુક્ત નિરીક્ષણ કરેલ હતું. સ્થળ પર રોડની બન્ને બાજુમાં દરખાસ્તમાં જણાવ્યા કરતા વધુ પહોળાઇમાં ખરડા માર્કીંગ થઇ ગયેલ છે જેથી નાયબ વનસંરક્ષણશ્રી સામાજીક વનીકરણ વિભાગ દાહોદ દ્વારા આપને ખરડા માર્કીંગની ઉપર તાત્કાલિક સફેદ કલર મરાવી દેવા જણાવેલ હતું પરંતુ આજદિન સુધી સફેદ કલર કરેલ નથી.

અત્રેની કચેરીના ના.કા.ઇશ્રી દાહોદ તરફથી તા- ૨૭ અને ૨૮.૦૬.૨૦૨૨ના રોજ રૂબરૂ સ્થળ ઉપર ખરડા માર્કીંગ કરવા માટે પહોળાઇ બાબતે સમજાવેલ હતુ, ત્યાર બાદ તા- ૧૧.૦૭.૨૦૨૨ના રોજ ઇંચાર્જ ના.કા.ઇશ્રી દાહેદ તરફથી રોડ ઉપર માર્કીંગ કરીને આપને અને આપના કર્મચારીને ખરડા માર્કીંગની પહોળાઇ બાબતે સંપૂર્ણ સમજ પાડેલ છે. સદર કામગીરીનું મોનીટરીંગ મીનીસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઇવેઝ, ન્યુ દિલ્લીથી થતુ હોઇ વહેલી તકે કામગીરી થઇ જવા વિનંતી છે, જેથી રોડની કામગીરી વહેલીતકે ચાલુ કરી સમય મર્યાદામાં પૂર્ણ કરીને લોકોને વાહન વ્યવહારનો લાભ આપી શકાય.

I/c નાયબ કાર્યપાલક ઇજનેર
રાષ્ટ્રીય ધોરી માર્ગ, પેટા વિભાગ
દાહોદ

નકલ સાદર રવાના પ્રતિ, કાર્યપાલક ઇજનેરશ્રી, રા.ધો.વિભાગ, વડોદરા તરફ જાણ અને યોગ્ય કાર્યવાહી થવા વિનતી.
નકલ સાદર રવાના પ્રતિ, નાયબ વનસંરક્ષણશ્રી, સામાજીક વનીકરણ વિભાગ દાહોદ તરફ જાણ તેમજ જરૂરી સુચના આપવા વિનંતી.

Scanned with CamScanner